અપીલ અરજી નં.૨૬૬ તા.૨૩–૧૨–૦૮

અરજદારઃ ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ

સામાવાળા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ, ગણેશભવન બિલ્ડીંગ, સેન્ટ્રલ રોડ નં.૫,ઉધના ઉદ્યોગનગર,સુરતની તા.૭–૧૧–૦૮ની અરજીથી કતારગામઝોનમાં કાર્યપાલક ઈજનેર (જયદીપ ચૌહાણ) ચાર્જ સંભાળ્યા બાદ અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબત તથા ઝોનલચીફ શ્રી ગામીત સાહેબના છેલ્લા ૧ વર્ષની કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબત

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૩–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૬/૨૦૦૮–૦૯

ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ, ગણેશભવન બિલ્ડીંગ, સેન્ટ્રલ રોડ નં.૫,ઉધના ઉદ્યોગનગર, સુરતની તા.૭–૧૧–૦૮ની અરજીથી કતારગામઝોનમાં કાર્યપાલક ઈજનેર (જયદીપ ચૌહાણ) ચાર્જ સંભાળ્યા બાદ અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબત તથા ઝોનલચીફ શ્રી ગામીત સાહેબના છેલ્લા ૧ વર્ષની કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબતે જેમાં ફકત સી જે. ગામીતની લોગબુકની નકલોની જ ફી ભરવા જણાવેલ છે અન્ય કોઈ માહિતીનો ઉલ્લેખ નથી તેવા કારણસર એપેલેટ ઓફિસરને તા.૨૩–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા/૯૨૬ તા.૨–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધો તેઓ તરફથી નોર્થઝોન/આ.નં.૭૧૦૩ તા.૯–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં કતારગામઝોનમાં કાર્યપાલક ઈજનેર (જયદીપ ચૌહાણ) ચાર્જ સંભાળ્યા બાદ અત્યાર સુધીની તેઓએ કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા બાબત તથા ઝોનલચીફ શ્રી ગામીત સાહેબના છેલ્લા ૧ વર્ષની કરેલ કામગીરીની માસિક ડાયરીની નકલો તથા ફેરવેલ ગાડીની લોગબુકની નકલોની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૪૩૨ તા.૫–૧૨–૦૮ થી નકલદીઠ રૂ.૨/– લેખે કુલ નકલ ૪૬૯ ના રૂપિયા ૯૩૮/– દસ્તાવેજી ફી ભરપાઈ કરવા જણાવેલ ત્યારબાદ પુનઃ તેમના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૬૬૮૩ તા.૧૮–૧૨–૦૮ થી અરજદારને નિયત ફી ભરી માહિતી મેળવવા જણાવેલ. તદઉપરાંત પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૯૬૮ તા.૨–૧–૦૯ થી દસ્તાવેજી ફી ભરી માહિતી લઈ જવા પુનઃ રીમાઈન્ડર કરેલ. અરજદારે અપીલ અરજીમાં તા.૫–૧૨–૦૮ અને તા.૧૮–૧૨–૦૮ થી મળેલ પત્રની નકલોમાં ફકત સી જે. ગામીતની લોગબુકની નકલોની જ ફી ભરવાનું જણાવેલ છે. અન્ય માહિતીનો કોઈ ઉલ્લેખ નથી એમ જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીના સદર પત્રોમાં એવો કોઈ ઉલ્લેખ જણાતો નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી નં.એન.ઝેડ/આ.નં.૭૦૮૨ તા.૭–૧–૦૯ થી અરજદારને પત્ર લખી અપીલમાં ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા બાબતે સ્પષ્ટતા પણ કરવામાં આવેલ છે. અને દિન–૭ ની મુદતમાં દસ્તાવેજી ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જાણ પણ કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારે નિયત ફી ભરી માહિતી મેળવવા રસ દાખવેલ જણાતો નથી અને બિન જરૂરી અપીલ કરેલ જણાય છે. શ્રી સી.જે. ગામીત ધ્વારા ડાયરી મેઈન્ટેઈન નહીં કરાતી હોવાનું પણ તેમાં જણાવવામાં આવેલ છે. આરટીઆઈ કાયદાની જોગવાઈ હેઠળ કલમ–૨(જે) અનુસાર જાહેર માહિતી અધિકારી પાસેથી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે જે પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે જ.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૭–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં નિર્દિષ્ટ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા પુરાવર્તીત ધોરણે જણાવેલ છે. તેથી અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ દર્શાવેલ નિર્દિષ્ટ નિયત ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/

તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન )....જાણ તથા અમલ માટે

(૨) ક્રાંતિ ક્રાઈમ ન્યુઝ,